**Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai**
*Conducted*
**MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI**

542, Jagannath Shankar Sheth Road, Chira Bazar, 3rd Floor, Above Dashshrimali office, Mumbai – 400 002.
Tel.: 22018629 Website : jaineducationboard.org E-mail : jainshikhshanboard@gmail.com

## ૬ જાન્યુઆરી ૨૦૧૯ - મહિલામંડળ - પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦ સમય: ૯ થી ૧૨

## શ્રેણી – ૧૬

**પ્રશ્ન૧ ઉત્તરાધ્યયન સૂત્ર + દશવૈકાલિક સૂત્રને આધારે જવાબ લખો.** (૪૦)

(ક) નીચેના વાક્ય જે ગાથામાંથી લેવામાં આવ્યા હોય તે ગાથા લખો. (માત્ર ગાથા અર્થ નહીં) (૧૦)

૧. દસે અંગ પ્રાપ્ત હોય ત્યાં પુણ્યવંત જીવ ઉત્પન્ન થાય છે. તે દશ અંગ બતાવતી ગાથા લખો.
૨. પાંચ ઇન્દ્રિયનું દમન કરનાર પાપ કર્મ બાંધતો નથી.
૩. શિષ્ય ભગવાનને પ્રશ્ન કરે છે દરેક ક્રિયા કેમ કરવાથી પાપ કર્મને બંધ ન થાય તે બતાવતી તથા ભગવાન શું ઉત્તર આપે છે તે ગાથા લખો.

(ખ) નીચેની ગાથા પૂર્ણ કરી ફક્ત ભાવાર્થ લખો. (કોઈપણ સાત) (૨૧)

(૧) અજયં સયમાણોય................　　૫) અપ્પિયા દેવ...............
(૨) ભોચ્ચા માણુસ્સએ..................　　૬) ઈચ્ચેયં છજ્જિવણિયં........
(૩) જ્યા જીવમજીવે....................　　૭) જયા નિવ્વિદંએ............
(૪) જયા મુણ્ડે ભવિતાણં................　　૮) ચત્તારિ પરમંગાણી.........

(ગ) અર્થ લખો (કોઈપણ આઠ) (૪)

(૧) વિસ્સંભયા (૨) અહિંસયં (૩) આવટ્ટ (૪) હિચ્ચા (૫) રોયમાણા (૬) નાહીઈ
(૭) પહિય (૮) અભિગચ્છઈ (૯) અબોહિ (૧૦) પવ્વઈએ

(ઘ) માગધી લખો (કોઈપણ પાંચ) (૫)

(૧) મોક્ષ (૨) ઉત્કૃષ્ટ (૩) કેવળજ્ઞાન (૪) માનવીય (૫) ચ્યવીને (૬) દશ અંગોને

**પ્રશ્ન ૨ ૯૮ બોલના અલ્પબહુત્વને આધારે જવાબ લખો.** (૩૦)

(ક) ફક્ત અલ્પબહુત્વ લખો. (૧૨)

(૧) બાદર વાયુકાય અપર્યાપ્તા બાદર વાયુકાય પર્યાપ્ત, સુક્ષ્મ વાયુકાય અપર્યાપ્ત સુક્ષ્મ વાયુકાય પર્યાપ્ત
(૨) સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્ત (શરીર), સૂક્ષ્મ નિગોદ પર્યાપ્ત (શરીર), અભવ્ય જીવ, સિધ્ધ ભગવાન
(૩) ૫ અનુત્તર વિમાનના દેવ, દસમા દેવલોકના દેવ, સાતમી નરકના નારકી, છઠ્ઠી નરકના નારકી
(૪) અભવ્ય જીવ, ભવ્ય જીવ, એકેન્દ્રિય જીવ, સયોગી જીવ.

(ખ) નીચેના બોલનો બાંસઠીયો કોઠો બનાવી લખો (માત્ર સંખ્યા) (૧૦)

(૧) અવિરતિ (૨) નિગોદના જીવ (૩) અભવ્ય જીવ (૪) અચ્યુત દેવલોકના દેવ
(૫) મહાવિદેહની મનુષ્યાણી (૬) ચંદ્ર દેવ (૭) અપર્યાપ્ત કીડી (૮) સમ્યકદ્રષ્ટિ પ્રતિપાતી (પૂર્વ પર્યાય અપેક્ષા એ) (૯) સંમૂચ્છિર્મ મનુષ્ય (૧૦) ખેચરની સ્ત્રી

(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)

(૧) જયંત વિમાનના દેવને કેટલા અને કયા ગુણસ્થાન હોય ? (૧)

(૨) બાદર વાયુકાયના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં યોગ કેટલા ? ક્યા કયા ? (૨)

(૩) નીચેના બોલમાં ફક્ત ઉપયોગ કેટલા અને કયા કયા ? (૨)

(૧) તિર્યંચયોનિ

(૨) મિથ્યાદ્રષ્ટિ

(૩) સકષાયી

(૪) સયોગી

(૪) સંસારસ્થ જીવ અને સર્વ જીવોમાં કયા કયા જીવો હોય સમજાવો. (૨)

(૫) ભવ્ય અને અભવ્ય જીવોની લેશ્યા અને યોગ લખો. (માત્ર સંખ્યા) (૧)

પ્રશ્ન ૩ સામાયિક પ્રતિક્રમણ (૧૫)

(૧) સાધુ-સાધ્વી કેટલા દોષ રહિત આહાર - પાણી લે છે ?

(૨) પ્રતિક્રમણ કેટલા બોલનું અને કેટલા પ્રકારના દોષ ટાળીને કરાય ? કેટલા બોલ તે વિસ્તારથી લખો.

(૩) પૂર્ણ ચંદ્રમાને આકારે કેટલા દેવલોક છે ? તે દેવલોકમાં કેટલા કેટલા વિમાન છે ?

(૪) પાઠિયારી એટલે શું ? તે કેટલી છે ? કઈ કઈ ? મૂળ પાઠ તથા અર્થ લખો.

(૫) ધર્મધ્યાનના લક્ષણ મૂળપાઠ તથા અર્થ લખો. ભક્તામરને આધારે.

પ્રશ્ન ૪ ભક્તાંમરની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૫)

(ક) અમ્બોનિધૌ..... (૨) સ્તોત્રં સ્ત્રજં ...............(૩) ઉદ્‌ભૂત ભીષણ........

(ખ) જવાબ લખો.

(૧) શ્રી માનતુંગ સૂરીએ સ્તોત્રમાં સર્પ માટે કયા કયા વિશેષણ નો ઉપયોગ કર્યો છે ?

(૨) દાવાનળ શાંત કરવાનો ઉપાય કવિના મતે શું છે ?

(૩) લક્ષ્મી વિવશ થઈને કોની સમીપે જાય છે ?

અથવા

પ્રશ્ન ૪

(ક) વાર્તાને આધારે જવાબ લખો.

(૧) શંખમુનિ કોણ હતા ? તેનાથી પ્રભાવિત થઈ કોણે દિક્ષા લીધી ? જાતિ અને કુળના અહંકારનું ફળ શું આવ્યું ?

(૨) હરિકેશી મુનિનું નામ ગોત્ર શું હતું ? ભદ્રા કોની પુત્રી અને પત્નિ હતી

(૩) રાજાએ જ્યારે ભદ્રાના વિવાહ માટે મુનિને વિનંતી કરી ત્યારે મુનિએ શું કહ્યું ?

(૪) યક્ષ દ્વારા યજ્ઞનો કોઈ લાભ થતો નથી આ સાંભળતા જ રુદ્રદેવ શું બોલ્યા ?

(૫) જીવહિંસા રહિત યજ્ઞ કરવા મુનિ શું ઉપદેશ આપે છે ?

(૬) ............ નગરીમાં ............ વનમાં ............વૃક્ષની નીચે મુનિ.......... ની તપશ્ચર્યા કરતા રહેતા હતા. યક્ષ મુનિની ............ , ........... કરવા લાગ્યો

(૭) કોણ કોને કહે છે ?

(ક) ચલ હટી જા અહીંથી,

(ખ) દાન વિના યજ્ઞનો લાભ મળતો નથી

.... જય જિનેન્દ્ર ....